RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 156 * Date: 30.3.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સંકટ સમયે ભારતીયોના જીવ જોખમમાં મૂકી રહી છે કોંગ્રેસઃ કેરલમમા PM મોદીનું મોટું નિવેદન



કેરલમના પલક્કડમાં આયોજિત એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને તેના પર ભારતમાં થઈ રહેલી રાજનીતિને લઈને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ નિવેદન આપ્યું હતું કે, "કોંગ્રેસ રાજકીય ફાયદા માટે સામાન્ય લોકોના જીવ જોખમમાં મૂકી રહી છે."

પશ્ચિમ એશિયામાં સર્જાયેલા તણાવ પર ભારત સરકારની સક્રિયતા અંગે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, સરકાર સતત પ્રયત્નશીલ છે કે આ યુદ્ધની ભારત પર ઓછામાં ઓછી અસર પડે. તેમણે જણાવ્યું કે, "જ્યારથી યુદ્ધ શરૂ થયું છે, ત્યારથી હું વિશ્વના નેતાઓના સંપર્કમાં છું. તમામ દેશો સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે." પીએમએ ઉમેર્યું કે, કોંગ્રેસ દ્વારા ખાડી દેશોના મુદ્દે કરવામાં આવતી ટિપ્પણીઓ અત્યંત ખતરનાક છે, જે ત્યાં વસતા અંદાજે ૧ કરોડ ભારતીયોની સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે.

કેરલમના ખેડૂતોની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું કે, રાજ્યમાં ડાંગરની ખરીદીમાં વિલંબ અને સમયસર નાણાં ન મળવાને કારણે હજારો ખેડૂતો પરેશાન છે. તેમણે ખાતરી આપી હતી કે, "ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન જો કોઈ કરી શકે તેમ હોય તો તે ભાજપ છે. અમે સ્જીંમાં પણ વધારો કર્યો છે, પરંતુ રાજ્ય સરકાર ખેડૂતોને લાભ આપવાને બદલે તેમને દેવામાં ધકેલી રહી છે. દ્નઢછ સરકાર આવશે તો ખેડૂતોને આ સમસ્યામાંથી ચોક્કસ રાહત મળશે, આ મોદીની ગેરંટી છે." વડાપ્રધાને કેરલમના બંને મુખ્ય રાજકીય ગઠબંધન ન્ઢહ્ન અને ેંઢહ્ન પર નિશાન સાધતા કહ્યું કે, આ બંને પક્ષો ભ્રષ્ટાચારી છે અને ભાજપથી ડરેલા છે. તેમણે આરોપ લગાવ્યો કે, દાયકાઓથી આ બંને પક્ષોએ મોટા કૌભાંડો કર્યા છે, પરંતુ એકબીજા સામે ક્યારેય કાર્યવાહી કરતા નથી. તેમણે જનતાને વિશ્વાસ અપાવ્યો કે જો ભાજપ સત્તામાં આવશે તો આ તમામ કૌભાંડોની તપાસ કરવામાં આવશે.



## તંત્રી લેખ....

# યુદ્ધ જો જૂન સુધી ચાલુ રહેશે તો ક્રૂડના ભાવ ૨૦૦ ડોલર પહોંચશે

જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય છે, તો ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઘટાડો થશે, પરંતુ તે હજુ પણ યુદ્ધ પહેલાના સ્તરથી ઉપર રહેશે. જો યુદ્ધ જૂનના અંત સુધી ચાલુ રહેશે, તો ભાવ વધીને ૨૦૦ ડોલર સુધી પહોંચી શકે છે તેમ મેક્વેરી ગ્રુપના વિશ્લેષકોએ જણાવ્યું હતું.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની પાવર પ્લાન્ટ્સ પર હુમલા રોકવાની સમયમર્યાદા લંબાવી હતી. જોકે, એક મહિના સુધી ચાલતા યુદ્ધમાં યુદ્ધવિરામની સંભાવનાઓ અંગે રોકાણકારો સાવધ રહ્યા છે.

૨૭ ફેબ્રુઆરીએ જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યા ત્યારથી બ્રેન્ટ બેન્ચમાર્ક ૫૩ ટકા વધ્યો છે, પરંતુ આ અઠવાડિયે તે ૧.૩ ટકા ઘટયો છે. યુદ્ધ શરૂ થયા પછી ૪૫ ટકા વધ્યો હતો, જ્યારે ડબલ્યુટીઆઈ આ અઠવાડિયે ૧.૫ ટકા ઘટયો છે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, તણાવ ઓછો કરવા માટે વાટાઘાટો છતાં, તેલ ફક્ત હેડલાઈન્સના આધારે નહીં પરંતુ લાંબા યુદ્ધની શક્યતાના આધારે વેપાર કરી રહ્યું છે. તેલ માળખાને કોઈપણ સીધું નુકસાન અથવા લાંબા સંઘર્ષ બજારોને ભાવમાં તીવ્ર વધારો કરવા દબાણ કરી શકે છે.

ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાની અથવા તેના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવાની ધમકીને અમલમાં મૂકવા માટે સમયમર્યાદા લંબાવી છે, ત્યારે અમેરિકાએ પશ્ચિમ એશિયામાં હજારો સૈનિકો પણ તૈનાત કર્યા છે. ટ્રમ્પ ઈરાનના વ્યૂહાત્મક તેલ કેન્દ્ર, ખાર્ગ ટાપુને કબજે કરવા માટે ભૂમિ દળોનો ઉપયોગ કરવો કે નહીં તે પણ વિચારી રહ્યા છે.

આ સંઘર્ષને કારણે વૈશ્વિક ક્રૂડતેલ પુરવઠામાં દરરોજ આશરે ૧૧ મિલિયન બેરલનો ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ આ કટોકટીને ૧૯૭૦ના દાયકાના બે તેલ કટોકટીની સંયુક્ત અસર કરતાં વધુ ગંભીર ગણાવી છે.

# વડલીમાં સિકોતર માતા ત્રિમંદિર ધામનો ત્રિદિવસીય જીર્ણોદ્ધાર અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે..



પાટણ તા. ૨૮

પાટણ જિલ્લાના વડલી ગામે આવેલા સિકોતર માતા ત્રિમંદિર ધામ સંકુલમાં નવીન મંદિરના જીર્ણોદ્ધાર અને દેવોના શિખરો તથા મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું છે.

સંવત ૨૦૮૨ ના ચૈત્ર સુદ ૧૩ થી ચૈત્ર સુદ ૧૫ સુધીના ત્રણ દિવસીય મહોત્સવમાં ૧૦૮ હોમાત્મક કુંડી શતચંડી મહાયજ્ઞ મુખ્ય આકર્ષણ રહેશે. મહોત્સવ દરમિયાન લોકડાયરો અને રાસગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વડલી ગામની પવિત્ર ધરા પર આવેલા સિકોતર માતા ત્રિમંદિર ધામ સંકુલ

માં શ્રી સિકોતર માતાજી, બાબા રામદેવપીર, બ્રહ્માણી માતાજી અને અન્ય દેવગણોના નવીન મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે દિવ્ય પ્રાણપ્રતિ

ષ્ઠા મહોત્સવ યોજાશે. આ મહોત્સવનો પ્રારંભ ૩૧ માર્ચ ૨૦૨૬, મંગળ

વારના રોજ કળશયાત્રા અને શોભાયાત્રા સાથે થશે. પ્રથમ દિવસે સવારે ૭:૩૦ કલાકે કમલેશ

ભાઈ પ્રજાપતિના નિવાસ

સ્થાનેથી વડલી ગામની પરિક્રમા કરી શોભાયાત્રા નિજ મંદિરે પરત ફરશે. જેમાં હાથી પર હવનના મુખ્ય પાટલાના યજમાન

ની સવારી નીકળશે. મહોત્સવના પ્રથમ દિવસે રાત્રે ૮:૩૦ કલાકે લોકડાયરો યોજાશે, જેમાં કલાકાર અનુપ

સિંહ વાઘેલા અને બળવંતભાઈ ચૌધરી પ્રસ્તુતિ આપશે.

મહોત્સવના બીજા દિવસે ૧ એપ્રિલ ૨૦૨૬, બુધવારના રોજ યજ્ઞપૂજા

ના વિવિધ કાર્યો જેવા કે પ્રાતઃ પૂજન, પ્રાસાદ વાસ્તુ અને હોમ કર્મ કરવામાં આવશે. ત્રીજા અને મુખ્ય દિવસે ૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારના રોજ બપોરે ૧૨:૩૯ કલાકે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થશે. ત્યારબાદ બપોરે ૩:૩૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ અને સાંજે ૪:૦૦ કલાકે મહાઆરતી

નું આયોજન છે. મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે રાત્રે ૮:૩૦ કલાકે રાસગરબા અને રાત્રે ૯:૦૦ કલાકે ૫૦૧ દીવાની ભવ્ય મહાઆર

તીના દર્શન યોજાશે. આ સમગ્ર ધાર્મિક મહોત્સવનું આયોજન ભુવાજી વિરચંદભાઈ વસ્તારામ પ્રજાપતિ પરિવાર અને સમસ્ત ભક્તગણ દ્વારા કરવામાં આવ્યું છે. મહોત્સવમાં વિવિધ સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે અને ભક્તો માટે ત્રણેય દિવસ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું આયોજકો એ જણાવ્યું હતું.

# બોટાદમાં લોયાધામ સ્વામિનારાયણ મંદિર દ્વારા 'દિવ્ય પક્ષી સેવા અભિયાન' અંતર્ગત માળા અને કુંડાનું વિતરણ કરાયું



ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી રામ જન્મોત્સવના પવિત્ર અવસરે, બોટાદ શહેરના પંજવાણી કાંટા વિસ્તારમાં 'દિવ્ય પક્ષી સેવા અભિયાન'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લોયાધામના પરમ પૂજ્ય સદગુરુ શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીજીની પ્રેરણાથી આ જીવદયાનું કાર્ય સંપન્ન થયું હતું.ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓને આશરો અને પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી, એમ.ડી. સ્કૂલ પાસે પક્ષીઓ માટેના માળા (ચકલીઘર) અને પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમિયાન મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ અને નગરજનોએ આ સેવાનો લાભ લીધો હતો.લોયાધામ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત આ અભિયાનમાં કાર્યકરોએ ઉત્સાહપૂર્વક જોડાઈને પક્ષીઓના રક્ષણ માટે લોકજાગૃતિ ફેલાવી હતી. અબોલ જીવો પ્રત્યેની આ સેવાને સમગ્ર બોટાદ પંથકમાં બિરદાવવામાં આવી રહી છે.

# અમદાવાદમાં શ્રી સચ્ચિયાય માતાજીને સમર્પિત ભવ્ય શોભાયાત્રા અને ભજન સાંજ સફળતાપૂર્વક સંપન્ન થઈ, જેમાં હજારો ભક્તો ભક્તિમય વાતાવરણમાં નૃત્ય કરી રહ્યા હતા.





અમદાવાદ (મુકેશ આર. ચોપડા): શહેરના રાજરાજેશ્વરી સચ્ચિયા માતા ટ્રસ્ટ અને ભક્ત મંડળના નેજા હેઠળ આયોજિત "મા સચ્ચિયાય માતાના નામે ભક્તિની ભવ્ય સાંજ", બુધવાર, ચૈત્ર સુદી સપ્તમી, ૨૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ ખૂબ જ શ્રદ્ધા, ઉત્સાહ અને ભક્તિ સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ. હજારો ભક્તોની હાજરીથી સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરાઈ ગયું.

ટ્રસ્ટના પ્રમુખ જગદીશ ચોપડાએ જણાવ્યું હતું કે ભવ્ય શોભાયાત્રા શાહીબાગના મોનાલિસા એપાર્ટમેન્ટ્સથી સાંજે ૪:૦૦ વાગ્યે શરૂ થઈ હતી, જેમાં કાર્યક્રમના લાભાર્થીઓ ચિરંજીલાલ, નરપતલાલ, ગૌતમચંદ, રમેશચંદ, રોશનલાલ, રાકેશ કુમાર, દેવેન્દ્ર કુમાર, દીપક કુમાર અને આગમ કંકુચૌપડા પરિવાર (પચપદ્રા - અમદાવાદ - સુરત) ને નિવાસ થી શોભાયાત્રા પ્રારંભ થઈ. ખાસ ચાંદીના રથમાં બેઠેલી સચ્ચિયાયની માતા ની મનમોહક જીવંત છબી અને ૫૧ આકર્ષક ધ્વજાઓ દ્વારા શોભાયાત્રાની ભવ્યતામાં વધારો થયો હતો. અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈને પણ શોભાયાત્રાને લીલી ઝંડી આપી હતી. ભજન, કીર્તન, ઢોલ-નગારા અને બેન્ડના શુભ સંગીત અને નૃત્યો સાથે ભક્તો સરદાર પટેલ મેમોરિયલ (રાજભવન) અને શાહીબાગના ભક્તિ હોલમાં પહોંચ્યા હતા. સુરતના સંગીતકાર મનીષ જૈન અને અહમદાબાદ ના શૈલેષ પટવારીએ શોભાયાત્રા દરમિયાન સુંદર ભજનો રજૂ કર્યા હતા.

શોભાયાત્રા નો રાજભવન ભક્તિ હોલ ખાતે, માતાજીનું ફૂલોની વર્ષા, અખંડ ચોખાના દાણા અર્પણ અને સ્તુતિના મંત્રોચ્ચાર સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યોગ્ય વિધિઓ સાથે તેમની પૂજા કર્યા પછી, માતાજીની સ્થાપના કરવામાં આવી હતી. આ પછી, મહાભક્તિ સંધ્યા સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થઈ અને સૌ પ્રથમ, ટ્રસ્ટના પ્રેરણાદાયી સ્તોત્ર અને આશીર્વાદદાતા, પૂજ્ય બાસા શ્રી અમરચંદજી રાઠોડ મલાડ-મુંબઈના નિર્દેશન મુજબ, માતાજીને ૫૬ પ્રસાદ અર્પણ કરવામાં આવ્યા, જેમાં મહિલા ભક્ત જૂથે સંગીતમય પ્રદર્શન રજૂ કર્યું. ત્યારબાદ, કાર્યક્રમની શરૂઆત જીજ્ઞાસા પિચ્છા દ્વારા નમસ્કાર મહામંત્ર અને બાડમેરથી ભાગ લેનાર સંગીત રત્ન ગૌરવ માલુએ ભાવપૂર્ણ ગણેશ વંદના અને અન્ય મધુર પ્રદર્શન રજૂ કરીને વાતાવરણને ખુશનુમા બનાવ્યું.

આ પછી, જોધપુરના ૧૦ વર્ષના બાળ કલાકાર કૃષવ બાગરેચાએ તેમના મધુર અને ઉત્સાહી ભજન પ્રદર્શનથી ત્યાં હાજર ભક્તોને નાચવા માટે મજબૂર કર્યા અને ભક્તોએ બાળ કલાકારને ખોળામાં રાખીને નાચવાનું શરૂ કર્યું, તેમના પ્રદર્શને બધાને મંત્રમુગ્ધ કરી દીધા.

સંગીતમય ભક્તિની આ શ્રેણીમાં, ઉદયપુરની પ્રખ્યાત ગાયિકા કેમિતા રાઠોડે તેમના ઉર્જાવાન પ્રદર્શનથી ભક્તિનો એવો ગુંજારવ કર્યો કે સમગ્ર પંડાલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો. કાર્યક્રમ દરમિયાન, ટ્રસ્ટ બોર્ડ દ્વારા લાભાર્થી પરિવાર માંગીલાલજી સુમેરમલજી કંકુ ચોપડા ને તિલક, માળા, પાઘડી, ચુંદડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન, "જય માતા દી" અને "સચ્ચિયાય માતા" ના ગર્જનાથી વાતાવરણ ભક્તિથી ભરાઈ ગયું.

રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે, માતાજીના ચુંદડી સમારોહ માટે એક ખાસ સમારોહ યોજાયો હતો, જેમાં બધા ભક્તોએ નાચતા અને ગાતા ભાગ લીધો હતો. ત્યારબાદ, ૧૦૮ દીવાઓ વડે માતાજીની ભવ્ય આરતી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન અમદાવાદના સિવાના નિવાસી મુકેશ આર. ચોપડા દ્વારા સફળતાપૂર્વક અને સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટ દ્વારા તમામ સંગીતકારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં શિસ્ત, ઉર્જા અને ભક્તિનું અદ્ભુત મિશ્રણ દર્શાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ વ્યવસ્થિત અને પ્રવાહી રીતે કરવામાં આવ્યો હતો, જેનાથી ભક્તોને દૈવી આધ્યાત્મિક અનુભવ મળ્યો હતો.

શ્રી રાજરાજેશ્વરી સચ્ચિયાય માતા ટ્રસ્ટના તમામ સભ્યો, ભક્ત મંડળ, મહિલા મંડળ અને લાભાર્થી કંકુ ચોપડા હિરાણી પરિવારે આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટ બોર્ડે શાહીબાગના તેરાપંથ ભવન પાસે શ્રી સચ્ચિયાય માતાજી મંદિરના નિર્માણ માટે જમીન ખરીદી છે અને ટૂંક સમયમાં ત્યાં એક ભવ્ય મંદિર બનાવવામાં આવશે.

કાર્યક્રમમાં ભક્તોનો ઉત્સાહ અને ભાગીદારી એ વાતનો પુરાવો છે કે આ કાર્યક્રમ માત્ર ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ ભક્તિ, એકતા અને સંસ્કૃતિનો જીવંત ઉજવણી બની ગયો છે.

મુકેશ આર. ચોપડાએ એક પ્રેસ જાહેરાતમાં ઉપરોક્ત માહિતી આપી હતી.

# ધાનેરામાં ધ નેશનલ સ્કુલનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો થયો ગૌરવસભર સન્માન''



ધાનેરા ખાતે આવેલી ધ નેશનલ સ્કુલના દસ વર્ષ પૂર્ણ થવાના અવસરે શનિવારે રાત્રે ભવ્ય દશાબ્દી ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પ્રાંગણમાં આયોજિત આ કાર્યક્રમમાં વિશેષ આમંત્રિત મહાનુભાવો તથા વાલીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવસભર બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી.આ પ્રસંગે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય જોઇતાભાઇ પટેલ, ભાજપ આગેવાન ભગવાનભાઇ પટેલ, ડૉ. ભરતભાઇ પ્રજાપતિ, પાલિકાના પૂર્વ પ્રમુખ પ્રેમાભાઇ તરક, લાયન્સ ક્લબના પ્રમુખ રમેશભાઇ ઠક્કર તેમજ વિવેકાનંદ સ્કુલના નિવૃત્ત આચાર્ય ગોવિંદભાઇ ચૌધરી સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. તેમણે શાળાની પ્રગતિને બિરદાવી અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન શાળાના વિવિધ ધોરણોમાં પ્રથમ ત્રણ ક્રમે સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ, રમતગમત અને અન્ય ક્ષેત્રોમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના આ ઉત્સાહવર્ધક સન્માનથી સમગ્ર વાતાવરણ ગૌરવ અને આનંદથી છલકાયું હતું.ધ નેશનલ સ્કુલની સ્થાપના દસ વર્ષ પહેલા નરપતસિંહ વાઘેલા અને જગદિશભાઇ પટેલ દ્વારા શિક્ષણની જ્યોત પ્રગટાવવા માટે એક નાના ક્લાસથી કરવામાં આવી હતી. આજે આ શાળા એક વિશાળ વટવૃક્ષ સમાન બની ગઈ છે, જ્યાં કે.જી. થી લઈને ધોરણ ૧૨ સુધીનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. ખાસ કરીને સાયન્સ પ્રવાહમાં વિદ્યાર્થીઓએ ડૉક્ટર, એન્જિનિયર અને અન્ય ક્ષેત્રોમાં પ્રવેશ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ સૌના મન મોહી લીધા હતા. નૃત્ય, સંગીત અને નાટ્ય રજૂઆતોને દર્શકો દ્વારા ઉત્સાહભેર વધાવી લેવામાં આવી હતી. હાજર રહેલા મહેમાનો અને વાલીઓએ આ બાળ કલાકારોને પ્રોત્સાહનરૂપે ભેટો અર્પણ કરી તેમની પ્રતિભાને બિરદાવી હતી.

આ રીતે ધ નેશનલ સ્કુલનો દશાબ્દી કાર્યક્રમ ઉત્સાહ, ગૌરવ અને આનંદભેર પૂર્ણ થયો હતો, જેમાં શાળાની સિદ્ધિઓ સાથે ભવિષ્યની નવી આશાઓ પણ ઝળહળી ઊઠી હતી.

# ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની "મન કી બાત" વડાલી તાલુકા ભાજપના કાર્યકર્તાઓ એ ટિફિન બેઠક સાથે માણી



મુખ્ય વકતા અતુલભાઈ દીક્ષિતે જનસંઘ થી ભાજપ,૩૭૦ કલમ,સમાન નાગરિક ધારો અને આગામી ચુટણી વિષે માર્ગ દર્શન કર્યુ

ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર જિલ્લામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની "મન કી બાત" નો કાર્યક્રમ સાથે મળીને કાર્યકર્તાઓએ માણ્યો જેમાં વડાલી તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા ધામડી ખાતે અન્ન ક્ષેત્રમાં મોટી સંખ્યામાં કાર્યકર્તા ભાઈઓ બહેનો પોતપોતાના ઘરેથી ટિફિન લઈને "મન કી બાત" કાર્યક્રમને માણવા માટે આવ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ભાજપના સિનિયર કાર્યકર્તા અને ગુજરાત પ્રદેશ પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિતે જન સંઘથી અત્યાર સુધીની ભાજપની યાત્રા વિશે વર્ણન કર્યું હતું ,તેમજ જૂના કાર્યકર્તાઓને યાદ કરી નવા કાર્યકર્તાઓએ જુનાઓને ન ભૂલવા જણાવ્યું હતું. ભારત સરકારે ૩૭૦ ની કલમ દૂર કરી જમ્મુ કશ્મીરને ભારતમાં ભેળવ્યું હતું અને એક રાષ્ટ્ર એક વિધાનને સાકાર કર્યું હતું. તેમજ ગુજરાત સરકાર દ્વારા સમાન નાગરિક ધારો અમલ કરવામાં આવ્યો તે બદલ સરકારને અભિનંદન આપી સમાન નાગરિક ધારો શું છે તે બદલ વિસ્તૃત માહિતી આપી હતી. આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ચૂંટણીમાં કાર્યકર્તાઓએ શું કામગીરી કરવી તેની માહિતી આપી હતી. ધારાસભ્ય રમણભાઈ વોરાએ નવા હોદ્દેદાર બનેલા કાર્યકર્તાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તાલુકા પ્રભારી સુરેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું અને તાલુકા પ્રમુખ કનુભાઈ પટેલે સ્વાગત કર્યું હતું અને મહામંત્રી ગિરીશભાઈ બ્રહ્મભટ્ટે આભાર વિધિ કરી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ



NOG(909)2026

**NOG SSNO:153**

વિષય:" યુધ્ધ " શીર્ષક:"યુધ્ધ:કારણ ને પરિણામ"

પ્રકાર:પધ્ય. શબ્દો:૧ ૨ ૪

તમારા જીવનની ની ત્રણ અવસ્થા બાળપણ જુવાની ને વૃધ્ધ,
તમારી જિંદગી ની ત્રણ અવસ્થા પ્રેમ પછી લગ્ન કે યુદ્ધ.
સમાજની સેહમાં આવી તારું મન કહે તેમ કરે ને તારું દિલના પાડે તો તું યુધ્ધ કર,
હ્રુદય ની વાત માનીને જે પોતાના છે તેની સાથે તારા સંબંધ તું શુધ્ધ કર.
તારી ઈચ્છા પ્રમાણે જીવ સમાજ શું કહેશે તેવું વિચારી તારી જાતને તું વૃધ્ધ ન કર.
સામે ની વ્યક્તિ નો ઈગો તારા દિલ સાથે અથડાયતો સ્વમાન જાળવી તું યુદ્ધ ન કર.
સાચો છતાંય કોઈ મારે તમાચો તો ગાંધી ની જેમ બીજો ગાલ ધરી તું બુધ્ધ ન બન,
બીજા ને છેતરી વેતરી ને ખાડા માં નાંખી ને તું તારી જાતે સમૃધ્ધ ન બન.
જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

★★★★★★

**NOGSSNo. 0185.**

વિષય:- "યુદ્ધ"
શીર્ષક:- માનવતાની હાની
પ્રકાર:- કાવ્ય, શબ્દ સંખ્યા:- ૧૩૫.

માનવતા ભૂલી આંતકવાદી ખેલે લોહીયાળ જંગ, ને ધર્મને ઢાલ બનાવે,
સૌભાગ્ય સિંદુરને ધર્મ પૂછી, આંતકવાદી અસ્તિત્વ મિટાવે શાન બનાવે,

વિશ્વમાં પરમાણું યુદ્ધો ખેલાય અહંના ટકરાવે, ને માનવોની હાની થાય,
હદ વધારવાની જીદે, સામસામે બે દેશો વચ્ચે ખૂંખાર જંગે યુદ્ધ ખેલાય,

યુદ્ધનાં ચિત્કારે જીવન છિન્નભિન્ન થાય, ને અલ્પ પોષણે દુઃખી જિંદગી,
ડગલે પગલે મોતનું તાંડવ ખેલાય, ને જીવતાં તડપતી બેહાલ જિંદગી,

વહે દર્દ ભર્યાં અશ્રુ આંખ મધ્યે, ને મોતનાં આક્રંદે સુનકાર વ્યાપ અંતરે,
ચારે દિશાએ નિરાશા વ્યાપે, કોણ કોને સાંત્વના દે ને વ્યથા વધે અંતરે,

યુદ્ધોથી થાય કંઈ કલ્યાણ ક્યાંય? માનવજાત ઉદાસીએ જીવે જિંદગી,
મિસાઈલ ને પરમાણુ યુદ્ધોએ મજબૂર જિંદગી, મરવાના વાંકે જિંદગી,

યુદ્ધથી જોખમાય વિશ્વશાંતિ, વિવાદે ખેલાતું રંકતરંજીત માનવનું યુદ્ધ,
લાલચી માનસિકતાની અધોગતિએ, મોંઘવારીનાં પાયે થતું માનવ યુદ્ધ,

'ઝરૂખો' ઈશને કરે પ્રાર્થના, માનવતા પ્રગટાવીને યુદ્ધો મિટાવી આપજે,
માનવ હ્રદયે અહંકાર મિટાવીને, સદ્બુદ્ધિએ વિશ્વશાંતિ સર્વેને આપજે.
-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

# ગજરાજ કોના સમર્થક હતા?

'જીતેગા ભાઇ જીતેગા' એક નારો સંભળાયો.

' 'જીતેગા ભાઇ જીતેગા ફૂલ જીતેગા' સામો નારો સંભળાયો.

'અરે, ચારા ચોર ચૂપ' પહેલા સમર્થકે કહ્યું.

'અરે ફૂલના નેતાએ કર્ણાટકમાં ચાલીસ હજાર કરોડ રૂપિયાના સ્કેમનો આરોપ લાગે છે!' બીજાએ સામો આરોપ લગાવ્યો. સાવરકુંડલાની ઈંગોરિયા દીવાળીની ઉજવણી જેવો માહોલ ગરમાયો.

'અરે, અમારી પાર્ટી તો કેડર બેઈઝડ છે. પાર્ટી વીથ ડિફેન્સ છે. સામ્યવાદી પાર્ટી જેવી લોખંડી શિસ્ત છે' પહેલાએ પાર્ટીના પ્રવક્તાની જેમ ડિફેન્સ કર્યો!

'અરે જા, જા. હવા આવવા દે. તારી પાર્ટીમાં લોકસભાની ચૂંટણીની ટિકિટો જાહેર થયા પછી શિસ્તના લીરેલીરા ઉડી ગયા છે. ટિકિટ મળનાર પ્રત્યાશી ટિકિટ મળ્યા પછી ચૂંટણી લડવાનો ઈન્કાર કરે છે. ક્યાંક વિરોધના સૂર છે. ઉમેદવાર બદલવા પડે છે!' બીજો પણ ગાંજ્યો જાય તેવો કયાં હતો? રાજકારણમાં ગાલીગલોચ, કાદવ ઉછાળ, ટાંટિયાખેંચ, ચારિત્ર્યહનન મુખ્ય પ્રવૃતિ છે. ગરીબી, બેકારી, મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય પર કોને ડીબેટ કરવામાં રસ છે?

'અમે આ વખતે ચારસો પાર કરીશું.વિપક્ષો ફોટામાં જ જડશે. એક અકેલા સબ પર ભારી .' પહેલાએ જોરથી, વારંવાર અને અનેકવાર વાત દોહરાવી.

'અરે ઘંટો ,અકેલા? એસપીજી અને એનએસજીની ફોજ લઈને ફરે છે. એકલાના ફોટા લેવા ફોટોગ્રાફર-વિડીયોગ્રાફરની ટીમ હોય છે! હા, એક વાત સાચી કે ફોટો ફ્રેમમાં એકલો જ દેખાય તેવું પ્લાનિંગ હોય છે! એક અકેલા ભારી હોય તો વિપક્ષના વાસી, સડેલા, બગડેલા, આઉટ ડેટેડ એકસપાયર ફળ જેવા નેતા કેસરના ભાવે શું કામ ખરીદ કરો છો? વિપક્ષોને તોડવા ભરતીમેળો કેમ કરો છો? બોલો, જવાબ છે તમારા વિશ્વ વલ્લભ, પ્રસિદ્ધિ પ્રગલ્ભ પાસે?' બીજાએ બરાબરીની નવ વરસની દાઝ ઉતારી!

'અરે પરિવારવાદીઓ. તમે દેશને લૂંટ્યો છે. અમારો વારો કયાં આવવા દીધો છે? અમારે પરિવાર ન હોય પણ પેટ હોય કે નહી? કમિશન લેવા સિવાય કોઇ મિશન નથી! ' પહેલાએ પણ કેસરિયો હલ્લો કર્યો!

'અરે તમારો મંત્રી ચાલીસ ટકા કમિશન ખાઇ જતો હતો.એમપીના મામાના રાજમાં કમિશન પચાસ ટકા થઇ ગયું હતું એ પણ ભૂલી ગયા ?' બીજાએ બરાબરનું સંભળાવ્યું!

' તમારા રાજમાં દંગા, ફસાદ,આતંકી હુમલા વિના દિવસ પૂરો થતો ન હતો. અમારા રાજમાં બધા રફુચક્કર થઇ ગયા. અમારા નેતાએ યુક્રેન યુધ્ધ અટકાવી વિધાર્થીની ઘર વાપસી કરેલી. અમારી જાહેરખબર જોઇ લો!' પહેલાએ મહિમામંડન કર્યુ.

' ફેંકું ભાઇ તમારા વિદેશ મંત્રાલયના અધિકારી તમારી જાહેરખબરના દાવાનું ચીરહરણ કરે છે!અરે નબળો ધણી બૈરી પર શૂરો એમ પાકિસ્તાનને સળીઓ કરો છો. હિંમત હોય તો ચીનને ચિત કરો. આપણી જમીન પચાવે તો સર્જિકલ સ્ટેરાઇકને બદલે ચાઇનીઝએપ પર બેન. લડાઈની યુનિક ટેકનિક છે!' પહેલાએ સોઇ ઝાટકીને આરોપ લગાવ્યો!

પહેલો બીજા પર ધસ્યો. બીજો પહેલા પર ધસ્યો. એકના દેખાડવાના દાંત તૂટી ગયા! વોટ? શું કહ્યું રિપોર્ટર ગિરધરલાલ? દેખાડવાના દાંત. યુ મિન ઈટ! માણસોને ચાવવા, ખાવા, ધાવવાના, ચાટવા, ચુસવા,પીવાના એક જ પ્રકારના દાંત હોય છે! આપણે દેખાડવા માટે ડેન્ચર કે દાંતનું ચોકઠું હોય છે. તમે કોનું રિપોર્ટિંગ કરો છો એ સવાલ થાય તે સ્વાભાવિક છે.

લોકસભાની ભૂતો ન ભવિષ્યતિ એવી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. પાનના ગલ્લે, શેરી મહોલ્લા, બસ સ્ટેન્ડ, બસ, રેલવે, પ્લેન, ટ્રેનમાં રાજકારણની ચટપટી ચર્ચાની ચોવટ ડહોળાય છે. મિત્રો પણ ચર્ચામાં ભાન ભૂલાવી તારે રાહુલ આવો, તારો સાહેબ આવો કહી કુરુક્ષેત્રના યુધ્ધની ઉગ્રતા ઉછીની લઈને મીઠા સંબંધોમાં વખ ધોળી રહ્યા છે!

બખડજંતર ચેનલ કોઇ ન કરે તેવો કાંડ કરે છે. અમારી ચેનલના નામના માલિક બાબુલાલ બબુચકે ચેનલની ટીઆરપી વધારવા અમને ગધેડા પર બિઝનેસ કલાસની ટિકિટ પર કેરલના ત્રિશૂર મોકલ્યા છે! અહી થારકકલ મંદિર છે. અહી દાળભાત રોટલી નહી પણ ઇડલીવડા. ઢોસા સંભારની બોલબાલા છે. અહી મલયાલમની મીઠાશ છે.

મંદિરની શોભાયમા નીકળી. સાઉથની લાંબા લાંબા વાદ્યો સંગીતની ટીપીકલ સાઇથ ઈન્ડિયન સૂરાવલિ રેલાવી રહ્યા હતા. ચોતરફ મંગલ મંગલ. ક્યાંય નો દંગલમ્! એવામાં ઐરાવત જેવા હાથી બાખડી પડયા! હાથીએ એમની ભાષામાં કરેલ સંવાદનો આંખે દેખ્યો અને કાને સાંભળેલો વૃત્તાંત-અહેવાલ મથાળે શબ્દશઃ મરીમસાલો ભભરાવ્યા વિના પ્રસ્તુત કરેલ છે. એમાં અતિશયોક્તિ કે કલ્પનાની કોથમીર ભભરાવી નથી!

થારકલ બોલીએ એટલે કમઅક્કલ કે બોરિયાબકકલ જેવું લાગે છે નહી? થારકલ મંદિર રાત્રે સાડા દસે અમ્માથિરુવડી ( કોઇએ ભાખરવડી કે વડી એવું વિચારવું નહી!સૂચના સમાપ્ત!) ભગવાનની શોભાયાત્રા નીકળેલી.એ શોભાયાત્રામાં હાથી મેરે સાથીઓએ ઉત્પાત મચાવ્યો .ઉંદરડી ખરલ ચાટી જાય અને ઉત્પાત મચાવે એવું કહેવાય છે. હાથી મયખાનું ગટગટાવી ગયા હશે કે શું? હાથીના મસ્તિકમાં ગંડસ્થળમાં મદ ઝર્યો હશે કે કેમ તે મહાવત જાણે !હાથીઓ મહાવત કે અંકુશને પણ ન ગાંઠયા.બંને હાથી ચિંઘાડતા રહ્યા .બંનેની માણસોની જેમ એકમેક પર સૂંઢલેણ હુમલો કર્યો!આપણે ત્યાં લોકો બાખડે છે. બોલાચાલી, ધકકામુકકી, ટપલીદાવ, મારપીટ, કપડા પર શાહી ફેંકવી, ઈંડા ટમેટા ફેંકવા, જૂતા ચપ્પલ ફેંકવા, પૂતળા બાળવા વગેરે રચનાત્મક પ્રવૃતિ છે. જે વિશ્વની મહાનતમ અને મજબૂત લોકશાહીના પાયા અને મૂલ્યોને મજબૂતી એવી ઠસોઠસ, ટકે વરસોવરસ જેવી અંબુજા સિમેન્ટ જેવી મજબૂતી પ્રદાન કરે છે!આ સકારાત્મક પ્રવૃત્તિથી રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્ર ઘડતર થાય છે!હાથીઓએ સેઈમ ટુ સેઈમ એવું જ કર્યુ!

કહે છે કે એક હાથી પંજાનો સમર્થક હતો અને એક હાથી કમળનો સમર્થક હતો. જો કે , અધિકાર તોર પર તેની પુષ્ટિ થઇ નથી! હે ગજરાજ! તમે , તમને આ શોભાસ્પદ છે? તમે ઐરાવત કુળને લજ્જિત કર્યુ. તમે ધીરગંભીર, ઉદાર ઉદર ધરાવો છો! તમે દિમાગી સંતુલન ગુમાવી લડાઇ કરી! ગજરાજ ચૂંટણી તો આવે અને જાય.હાથી મેરે સાથી જાની દુશ્મન બની જાય તે બરાબર ન કહેવાય !

ભરત વૈષ્ણવ

# ગાંધીનગર શહેરના તમામ ૧૧ વોર્ડમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના ૧૩૨ માં એપિસોડ અંતર્ગત 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના ૧૩૨ માં એપિસોડ અંતર્ગત આ વખતે ભાજપા દ્વારા રાજ્યના તમામ ૫૮૦ મંડલોમાં 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં શહેર ભાજપ પ્રમુખ ડો. આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયા હતાં.

આ અન્વયે મહાનગર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેએ વોર્ડ નં.૬ ના ગોકુળપુરા ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો અને કાર્યકર્તાઓ સાથે ટિફિન ભોજન કર્યું હતું. આ પ્રસંગે તેઓએ કાર્યકર્તાઓ સાથે વિવિધ સંગઠનાત્મક બાબતો અંગે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ વોર્ડ નં.૨ ના પેથાપુર સ્થિત રામદેવપીર મંદિર કોમ્યુનિટી હોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં સહભાગી થયા હતાં જ્યાં વિધાનસભાના મુખ્ય દંડકશ્રી બાલુભાઈ શુક્લ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત મેયર મીરાબેન પટેલ વોર્ડ નં.૧૦ ના રાયસણ સ્થિત પૂનમ પાર્ટી પ્લોટ ખાતે 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. સંગઠનની કાર્યયોજના અનુસાર તમામ વોર્ડ માં એક વકતાશ્રીએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યું હતું. પ્રત્યેક વોર્ડમાં બુથ સ્તર સુધીના કાર્યકરો કાર્યક્રમમાં જોડાયા હતાં.




# એએમએ દ્વારા ૧૬મા ડો. લલિતા અય્યર મેમોરિયલ લેક્ચરનું આયોજન કરાયુંઃ નાસા સાથે જોડાયેલા એસ્ટ્રોફિઝિસ્ટ ડો. એકતા શાહે "હર સ્પેસ, હર સ્ટોરી" વિષય પર સંબોધન કર્યું

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા "હર સ્પેસ, હર સ્ટોરીઃ વિમેન શેપીંગ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ એજ્યુકેશન થ્રુ લીડરશીપ, લર્નિંગ, એન્ડ લીગસી" વિષય પર જાણીતા એસ્ટ્રોફિઝિસ્ટ, ડેટા સાયન્ટિસ્ટ અને સાયન્ટિફિક રિસર્ચ મેન્ટર ડૉ. એકતા શાહ દ્વારા સંબોધિત ૧૬મા ડૉ. લલિતા અય્યર મેમોરિયલ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો. શાહ બ્રહ્માંડની પ્રારંભિક વિશાળ સંરચનાઓના મેપિંગ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત છે. છ નવી આકાશગંગા પ્રોટોસ્ટ્રક્ચર્સની તેમની ગ્રાઉન્ડબ્રેકિંગ શોધ — જેમના નામ ભારતીય છ ઈન્દ્રિયો પરથીઃ દ્રષ્ટિ, સુરભિ, સ્પર્શ, રુચિ, સ્મૃતિ અને શ્રવણ રાખવામાં આવ્યા છે — તે હવે યુએસએ અને યુરોપના સંશોધન જૂથો માટે મુખ્ય સંદર્ભ બની ગઈ છે.

મુખ્ય અતિથિ ડૉ. એકતા શાહે એએમએના ડેટા એનાલિટિક્સ અને પાવર બીઆઈ, બિઝનેસ મેનેજર્સ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સ્પોર્ટ્સ મેનેજમેન્ટ અને બિઝનેસ મેનેજમેન્ટના એડવાન્સ્ડ સર્ટિફિકેટ પ્રોગ્રામ્સના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

**અવકાશ અને સમયની સફર**

શોધાયેલી સંરચનાઓ બ્રહ્માંડમાં અત્યાર સુધીની જાણીતી સૌથી મોટી ગીચતા ધરાવે છે, જે તે સમયની છે જ્યારે બ્રહ્માંડ તેની વર્તમાન વયના માત્ર એક અંશ જેટલું જૂનું હતું.

ડો. શાહે સમજાવ્યું કે, "જેમ આપણે વધુ દૂર જોઈએ છીએ, તેમ આપણે બ્રહ્માંડના ભૂતકાળમાં જોઈ રહ્યા હોઈએ છીએ. આ પ્રણાલીઓ અતિશય ઝાંખી અને દૂર છે, જેને જોવા માટે વિશ્વના સૌથી શક્તિશાળી ટેલિસ્કોપની જરૂર પડે છે."

આ સંશોધનમાં મુખ્ય ગ્રાઉન્ડ-બેઝ્ડ ટેલિસ્કોપનો ઉપયોગ કરીને અવલોકન માટે ઘણી રાતોનો સમય લાગ્યો હતો, જ્યાં કાર્યકારી ખર્ચ રાત્રિ દીઠ રૂપિયા



એક કરોડથી વધુ હોઈ શકે છે. જટિલ ડેટાસેટ્સને જોડીને અને સખત ઉંડી વિશ્લેષણ લાગુ કરીને, ડો. શાહ અને તેમની ટીમે અવકાશની વિશાળતામાં છુપાયેલી આ પ્રાચીન સંરચનાઓને સફળતાપૂર્વક ઓળખી કાઢી છે.

**બ્રહ્માંડનું નામકરણ**

જ્યારે આકાશગંગાઓ માટે પસંદ કરાયેલા અનોખા નામો વિશે પૂછવામાં આવ્યું ત્યારે ડો. શાહે સાર્વત્રિક જોડાણની ઈચ્છા પર ભાર મૂક્યો હતો. "હું એવા નામો પસંદ કરવા માંગતી હતી જેની સાથે દરેક વ્યક્તિ જોડાઈ શકે. આ છ ઈન્દ્રિયો આપણા માનવીય અનુભવને વ્યાખ્યાયિત કરે છે, જેવી રીતે આ સંરચનાઓ આપણા બ્રહ્માંડના પ્રારંભિક સ્થાપત્યને વ્યાખ્યાયિત કરે છે. આ એક સ્મૃતિપત્ર છે કે આપણે બ્રહ્માંડના બનેલા છીએ, અને બ્રહ્માંડ આપણો એક ભાગ છે."

**અવકાશ વિજ્ઞાનનું ભવિષ્યઃ એઆઈ અને ડેટા સાયન્સ**

પ્રતિષ્ઠિત એલએસએસટીસી ડેટા સાયન્સ ફેલોશિપ મેળવનાર ડો. શાહે આધુનિક ખગોળશાસ્ત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની પરિવર્તનકારી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેણીએ નોંધ્યું હતું કે વર્તમાન ટેલિસ્કોપ એક રાતમાં એટલો ડેટા એકત્રિત કરે છે જેટલો આખા ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

ડો. શાહે જણાવ્યું હતું કે, "એઆઈ અને ડેટા સાયન્સ આપણને લાખો આકાશગંગાઓને સેકન્ડોમાં પ્રોસેસ કરવાની મંજૂરી આપે છે — જે કાર્યોમાં પહેલા વર્ષો લાગતા હતા. આ સાધનો માત્ર આપણા કાર્યને ગતિ નથી આપી રહ્યા; તેઓ આપણને બ્રહ્માંડના નવા ગાણિતિક નિયમો શોધવામાં મદદ કરી રહ્યા છે જે માનવીય મર્યાદાઓ કદાચ ચૂકી શકે છે."

**સન્માન અને વિઝન**

ડો. શાહ, જેમને તાજેતરમાં એનઆરજી –સ્પેટ રત્ન એવોર્ડ (૨૦૨૫)થી નવાજવામાં આવ્યા હતા, તેમણે તેમની સફળતાનો શ્રેય "અટલ સમર્પણ અને સંસાધનશીલતા"ના મંત્રને આપ્યો હતો. આણંદ, ગુજરાત જેવા સાધારણ પૃષ્ઠભૂમિમાંથી નાસા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા સંશોધનની ઊંચાઈઓ સુધી પહોંચીને, તેઓ ભારતીય વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા માટે વૈશ્વિક એમ્બેસેડર તરીકે સેવા આપી રહ્યા છે.

ડો. શાહે જણાવ્યું હતું કે, "નાસા સાથે કામ કરવાથી તમે જોઈ શકો છો કે માનવતા ભવિષ્યને કેવી રીતે આકાર આપે છે. અમે અત્યારથી જ ૨૦૪૦ માટે ટેલિસ્કોપનું આયોજન કરી રહ્યા છીએ. તે ધ્યેયને ઓળખવા વિશે છે, પછી ભલે તે ગમે તેટલું દૂર હોય, અને ત્યાં પહોંચવા માટેની તકો ઊભી કરવા વિશે છે."

**મેમોરિયલ લેક્ચર વિશે**

'ડૉ. લલિતા અય્યર- એએમએ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ વિમેન' શ્રી પી.વી.આર.એન. અય્યર (એએમએના ભૂતપૂર્વ પ્રમુખ)ના પત્ની ડૉ. લલિતા અય્યરની યાદમાં સમર્પિત છે. ડૉ. લલિતા અય્યર મહિલાઓના સશક્તિકરણ અને વ્યક્તિગત વિકાસ માટેના પ્રખર હિમાયતી હતા. આ વાર્ષિક મેમોરિયલ લેક્ચર તેમના વારસાને આગળ ધપાવે છે, જેમાં સંબંધિત ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર સુવિખ્યાત વક્તાઓ ભાગ લે છે.કાર્યક્રમની ઝલક માટે કૃપા કરીને જોડાયેલ ફોટોગ્રાફ્સ જુઓ. વધુ વિગતો માટે કૃપા કરી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત





## સેમિકંડક્ટર મિશન

- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ



## શહેરી વિકાસ

- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઇટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે



## ગ્રામીણ વિકાસ

- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે



"સ્માર્ટ સિટીથી લઈને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિકે ટકનોલૉજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat